Gujarati Midday Pg 16, 16th Feb 2022

# બીટકોઇનના ભાવ ૪૦ ટકા વધવાની છે આગાહી

વિશ્વની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી - બીટકૉઇન ૫૦ દિવસની સિમ્પલ મૂવિંગ ઍવરેજ એટલે કે ૪૧,૭૮૪.૪૨ની સપાટીએ સપોર્ટ ધરાવતી હોવાનું નિષ્ણાતો કહી રહ્યા છે. એમના મતે બીટકૉઇનનો ભાવ ૪૪,૦૦૦ ડૉલર કરતાં વધારે બંધ રહેશે તો તેના ભાવમાં ૪૦ ટકા સુધીનો ઉછાળો આવવાની સંભાવના છે. આ લખાઈ રહ્યું છે ત્યારે તેનો ભાવ ૪ ટકા વધીને ૪૪,૨૫૦ની આસપાસ ચાલી રહ્યો છે. ગત સાત દિવસમાં ભાવમાં ૧.૬૭ ટકાની વૃદ્ધિ થઈ છે.

ક્રિપ્ટોકરન્સી માર્કેટનું કૅપિટલાઇઝેશન પણ ૨૪ કલાકના ગાળામાં ૪.૪૦ ટકા વધીને ૧.૯૮ ટ્રિલ્યન ડૉલરની નોંધપાત્ર સપાટીએ પહોંચ્યું છે.

રશિયાએ યુક્રેનની સરહદ પરથી સૈનિકોને પાછા બોલાવી લીધાની ઘટનાને પગલે તંગદિલી ઘટતાં ક્રિપ્ટોકરન્સી તથા ઇક્વિટી માર્કેટમાં સુધારો થયો છે.

દરમ્યાન ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઇન્ડેક્સ-આઇસી૧૫ મંગળવારે બપોરે ૪ વાગ્યે ૩૮૩૮ પૉઇન્ટ (૬.૩૮ ટકા) ની વૃદ્ધિ સાથે ૬૩૯૭૪ બંધ રહ્યો હતો. ઇન્ડેક્સ ૬૦૧૩૬ ખૂલ્યા બાદ ઉપરમાં ૬૩૯૮૭ અને નીચામાં ૬૦૦૭૭ ગયો હતો. આમ દિવસની નીચલી સપાટીએથી ઇન્ડેક્સ લગભગ ૩૯૦૦ પૉઇન્ટ ઊછળ્યો હતો.